

[illegible]

૭૫૮૨

ઈસ્લામી મનાજાત.

[illegible]

૭૫૮૨

[illegible]

[illegible] કંપની

[illegible] મુંબઈ.



રૂસ્તમી મુનાજાત.



મુ[illegible] નં. ૭૫૮૨

તું નામ ઝપનામાં ઝપ છે જલતી,
ત્હારા નામની તપમાં તપ છે પલતી.
ત્હારા નામના નીશામાં નીશા છે નીંદ્ર,
ત્હારા નામની બંદગીમાં બંદગી છે છીદ્ર.
ત્હારા નામના સ્હોલામાં સ્હોલા શીકલ,
ત્હારા નામના નુરમાં નુર શીહે અવલ.
ત્હારા નામના રોબમા કુલ જમાના રેલેછે,
ત્હારા નામના તેજમાં કુલ જનમો ખેલેછે.
ત્હારા નામના પરતાપમાં શુર છે ગુલામ,
ત્હારા નામના અમલમાં વખ્તત છે એક રામ.
ત્હારા નામના આબમાં દસ્આવ છે એક બુંન,
ત્હારા નામના એલમમાં રૂસ્તમ છે એક સુંન.





મુનાજાત—૨.

નથી કસો હદિયો મૂજ પાસ હકતાલા,
ત્હારી ખાસ્યતોની એક આસ હકતાલા.
થોડી છે પુંજી મુજ શેપાસ હકતાલા,
ગર તુજ ઉમેદ બક્ષેસ દરાઝ હકતાલા.
મેં જોયું શીહાનામૂં જેતું હકતાલા,
નથી જોયુંજ કોઇએ તેવું હકતાલા.
ગર ભરૂશો ત્હારી મદદપર હકતાલા,
મુજ ઉમેદ તુજ બક્ષેસ સર હકતાલા.
ઉમેદ એ સીવાય બીજી પુંજી હકતાલા,
નથીજ, ના કર નાઉમીદ કદી હકતાલા.
એક રજ નહી બની નેકનામી હકતાલા,
એક પલ નહી ભને બનામી હકતાલા.
તોપણ છું ત્હારો, તુજ બનેલ હકતાલા,
ના કરતો નાઉમેદ મુજ દેલ હકતાલા.



મુનાજાત—૩.

ત્હારી સચ્ચેના કસમ છે ઓ પરવરદેગાર,
કે ગુનાહથી સીવ મુજ ચશમ હરવાર.
ત્હારા નરના કસમ છે ઓ પરવરદેગાર,
કયામતે ઉઠાડજે શોરમ તાબેદાર.
• લચારીથી મૂખ પડયુંછ ખાકમાં ખુવાર,
પ્હોંચ્યોછ ગગન મુજ ગુનાહનો ગુબાર.
તું એકવાર અબરે રેહમત વરસાવ,
બારાંનો ગોબાર ના રેહતા આસ્નાવ.
નથી મરતબો ગુનાહ સબબે જેહાન,
ચકીં એમ રાહ નથી જેહાને આસ્માન.
તું જાણેછ મુંગાં જીગરોની જબાન,
તું મુકેછ મલમ જખમાયલાં દરમ્યાન.
આવ્યોછ તકશીરવાર હું પરવરદેગાર,
ગર છું ત્હારી બુલંદ બક્ષેસ ઉમેદવાર.



મુનાજાત—૪.

બંદગી લાયક હોકમ બોલનાર,
પાદશાહોની રોજી રજક ખોલનાર.
કીડી સમાલનાર, શાહમૂર્ગ પાલનાર,
દાવરો ઉમેદભર તુજ બક્ષેસ દરબાર.
તું હફ્ત કેસવરનો પાક પરવરદેગાર,
તું રજાબંદીપર કુલ રજક કારભાર.
તું આશકારા, ના કોઇ આશકાર,
તું ગૈબી જાહીર સંધા સૃષ્ટી તારનાર.
તું અશો પીછાણનાર, કના સાંભલનાર,
તું કુર કુલ બનાવ આગે જાણકાર.
રોજેઆવલથી જાણતા રસ્તાખેઝગાર,
કોટી રસ્તાખેઝ ત્હારો એક પલકાર.
તું એક અમર અગર નૂર સંધીવાર,
કોટી આલમ ત્હારો એક અંક સાર.
સાંભલ તું સૌ સાંભલતાના આધાર,
તુટેલા ધુંજેલા બંદાના દાદાર.



મુનાજાત—૫.

રોશન રાખજે ક્યામત દહાડે પરવર,
શોરખરૂ ઉઠાડજે તેવારે પરવર.
હસતો દેખાડજે દરબારે પરવર,
ગીર્ફતાર છું કુલ અંધકારે પરવર.
જોઉંછ ત્હારી બક્ષેસ સુમારે પરવર,
ગુનાહ મ્હારો બૌ વધુ ભારે પરવર.
શરમ તેની પ્હોંચેછ વધારે પરવર,
પલે પલ ગુન્હેમાં ગીર્ફતારે પરવર.
છું ઉમેદવાર તું ઉમેદ અધારે પરવર,
છું નચીંત તુજ અધાર ચારે પરવર.



મુનાજાત—૬.

તું પકડ દસ્ત પોતાના ફજલથી ખુદા,
ગોયા અટકેલો પીર છું અવલથી ખુદા.
નહી કેહતો કે બખશ બુજોર્ગી ખુદા,
ગર ગુન્હા બક્ષી દે તાજગી ખુદા.
તું છે ભીત્તર, જાહેર ઢાંકનાર ખુદા,
આદમજાત કુલ કોફ રાખનાર ખુદા.
તું એબ પર પરદોજ ખેંચનાર ખુદા,
આદમજાત કુલ એબ ખોલનાર ખુદા.
આદમ જાહિર એબ પર પુકારે ખુદા,
તું ભીત્તર કુલ જાણી ના મારે ખુદા.
તુજ રજ લુત્ફે દોજખી જેહાન ખુદા,
પામે બહેશત તકયો ઇનશાન ખુદા.
તુજ રજ કોફે મલક ધુલધાની ખુદા,
સદાય દોજખમાં સરગરદાની ખુદા.

પ્હોંચું બુલંદ, મુજ ધરે તું દસ્ત ખુદા,
તું નાખે ઝીર, કોણ પનાપોસ્ત ખુદા.
કોણ કરે જુલ્મ હોય તું યાર ખુદા,
કોણ ધરે જો કરે તું છુટકાર ખુદા.
અંદેશો છે કયામતનો મને ઓ ખુદા,
હું ગુનાહે પુર ગાફેલ તને ઓ ખુદા.
તાજુબ જો ઉઠાડે બેહશતનો ખુદા,
બન્યોછું પુર ગુન્હા દેહશતનો ખુદા.
દમેદમ છે ઉમીદ દીલને એ ખુદા,
હું નાચીજ બંદો જાલવી લેશે ખુદા.



મુનાજાત—૭.

મને હવે પરવર બસ તૂં ત્હારો કર,
ભૂ તરૂ યા ગગન શીતારો કર.
રહીછ બાકી પલ થોડીક સરજત,
પટકવા દે તું ધ્યાણ મ્હારી સૂરત.
મનમાં તું વસ ને આ તન ઉગાર,
આ માટીની માયાનો તજાવ જુગાર.
આ ઘડી બેઘડી સ્વપ્ન કર સોંચ,
ચઢાવી દે યોગ જંજાલની ટોંચ.
જોઇ ચુકો આ જગ, ધરાયોછું હું,
ઠાલી ઠકુરાઇ છે આ બુંદ ને બુ.
છે પરપોટો આ એક જીંદગીનો જોગ,
આ ભવ કુલ સમજુછું વીકાલ રોગ.
પાપે તર ફૂલેલ, દુર્ગંદે ભરપૂર,
જાહીર ઝલક લઇ ફરે રંગ હજૂર.
સૃષ્ટી મેલો આ હું જાણુંછ કૌતક,
બન્યોછ માહ ચમત્કાર લોભ પાતક.

ત્યાં શોંગ છે માનવી પોતે જાતનો,
બની ઠની રહ્યો કે નૈ તું નાથનો.
ભુલી કરે ઠેકડી જન્મ જગતની,
ભુલી ભવ ભુલેછે સેવા ભગતની.
ભુલી તન માયાપે આજારમાં બુડેછ,
જુઠી માયાના માહ વ્યષનમાં ધુસેછ.
સમજતો નૈ સ્યાણુ, આડે રન ફાટેછ,
રંગ તુરંગ તુફાને રીજી તન બાંધેછ.
તેથી રાખ મોકળો મને ઓ કીંતાર,
મુજ બાકી ત્હારી સુધ સેવામાં વાલ.
મુજ પાપોનું ખંડન થાય એ કૈ બતાવ,
અંત ઘડી તું પાસ હસતોજ બોલાવ.
બતાવ રાહ સફા, બતાવ ખાસ તોબા,
બાકી જીસમની જલવાય અંત્ય શોભા.



મુનાજાત—૮.

પુકારૂં ન તું પાસ તો કોણ પાસ જાવું.
મીનત માહેતમ કોણને સંભલાવું.
કોણ પાસ કરૂં આજેજીના એકરાર,
આ મ્હારી કસુરનો હું ગુન્હેગાર.
હાંદેશા વમળમાં તવલતો ફરૂં છ,
ચક્કર ઉપર ચક્કર ખાતો ખખરૂં છ.
એ દરયાવ છે. બોહલો અપરમપાર,
હાગ મ્હારો શું લાગે? રજ કીસ વીચાર.
આ ભારી અહાગમાં છું હું એક માછી,
હોનારત ગળમાં ઓચીંતી વીંધાઇ
તરફડ્યા મારી મુઆ સમ છે ગતી.
યા સંસારની બ્હોલી દેગ ખલખલતી
માંહે હું પડયો છ રજ સમ નર ખાક,
નથી જેનો ભુંજઇ ગજ્યા સમ હાગ.

ત્યમ લુટૈ કુલેકુલ લાગી કાલો કલંક,
દીયેછ એ દેખાવ એવું દૈત્યૈ રૂપક.
રંગ મારો માનવીથી પડયોછ અલગ,
હીનાયોછ હું આ અવતારમાં સલગ.
જ્યમ કોઇ અપંગની ઝુકૂડી અંદર,
ઉજાસ ફેંકી રહ્યો હોય પુન્મ ચંદર.
જ્યમ અંધકાર નથી અંપગને નડત.
તેમ ત્યાં ઉજ્યાલુંછે પડેલું ફોકટ.
તેવી મારી હાલતમાં હું છું બેભાન,
ન મને આ હાલતમાં આત્મજ્ઞાન.
તે લુટાવેછે મુજ ભરમનો ભંડોલ,
હીનાવેછ તે મ્હારૂં યકીન અન્મોલ.
ને લે છે ના લેવા લાયક પર ઉલટ,
ફાવેછ તેમાં ના ધારી કરી ખટપટ.
ને મારી કુલ કાયનાટ કરેછ વેરવાર,
આ અડી વેળા જાલવ પરવરદેગાર.
સર પટકેલા રૂસ્તમને એક જવ જાલવ,
તારી બક્ષેસનો એક જવ, છે જેહાન સર્વ.



મુનાજાત—૯.

ના કર દુર યજદાન, ના કર ફરામોશ,
તારા નામં પર મારી છે મદાર ને મોજ.

તારા ભેદ પર હું જીવુંછ રાખી શબર,
તારા બલ પર છું હું દેલ ઉમેદભર.

તારેથી ફૂટેછે મ્હોર દર દરખતે,
તારેથી ખીલેછ પરપોટો શરબતે.

તારા રંગમાં રીજેછે રલીઆમણો રાગ,
તારા તોરપર ઉડેછ બહામણો કાગ.

બાજ પણ તુંથી ને ચકી પણ તુંથી,
દરીઆવ પણ તુંથી ને તુથીજ પૃથ્વી.

તું આધારેજ અસપંઆર હતો મસ્ત,
તારા નામ પરતાપે રૂસ્તમ જબરદસ્ત.

તારી કુમક ઉપર ફાવ્યો ફરેદુન,
તું પરતાપેજ પસાર કરીછે જહુન

તે મોટા કેખુશરોએ જંગી ગેવ સાથ,
તારા ઇન્શાફ ઉપર નીક્ળ્યો કેરસાસ્પ
જંગલ જેહાન ફરી રહ્યો ફતેમંદ,
તેં આપી બીસાતે જરથુસ્ત લાવ્યો જંદ.
ને શીરેસ્તાથી આલા ને તુંથીજ બોજે,
તે ઉપર દરદો શીપાશો હોજો.
હે સેઓફ ઉપરથી આવ્યો કેકોબાદ,
તે આગે તહારીનો રૂસ્તમ છે સ્યાદ.
તું અજમતે અરદેશર બાબેગાન,
બેસાડ્યો તખ્તે જીતાવી ઇરાન
ને તાજે કરાવ્યો જરથોસ્તી મહજબ,
તું સહેદ અરદાબોરાફ સાત રાબ.
તારી મીનો ફરી આવ્યો, કુલ બયાન
પાડ્યો, પદ લાવ્યો, દસો આહોરનાન.
તારા તેજ ઉપર રાખેછ આ તન તોર,
તું શરેજ સહદ આ વખત ઘનઘોર
ને જાલવશે આ જંગમાં નબલો રૂસ્તમ,
સંસારમાં ટકાવશે હરદમ બાભરમ.



મુનાજાત—૧૦.

તું જાલવે તો જલવાય હોલવાતો અંગાર,
દાદાર દમ દીલ દરીઆફ પેદા કરનાર.
મનુ મલક દેવ જીન પસુ પંખી હુર,
દરીઆવમાં અંધકાર ને આકાસમાં નુર.
દરીઆવમાં માહી આસ્માન પર શીતારા,
કરામત ત્હારીના રોશન નક્ષ સારા.
પલેપલ તૂજ હસ્તીના બુલંદ ચીતાર,
પલેપલ નવ કુદરતના કાયમ સૂમાર.
અજબ કરી આદમ ઉપજાવેછ યકીન,
આ કુલ ચોખુન જગજગતી બ્હોલી જમીન.
નથી તું પાસ બીસાત બોહોલું જંગલ,
કુલ માહસાગર ભાયગે એક બુંદ જલ
પણ અટકલો પામે તું માહબલ પાસ,
આકાસ લાગેળા પ્રવત્ત નંથી રજ રાસ.

એવી ત્હારી માહબલ શક્તી ને કુદરત,
ચાહે તો તું પલમાં ભસ્મ કરે જગત.
ચાહે તો એવી કોટી જગત કરે ખાક,
ચાહે તો પલકમાં ઉઠાવે કૈં ખેહીસાબ.
ત્હારા બલના ભેદ નથી કોઇને માલમ,
કેમ શીપમાં મોતી ને ગર્ભમાં આદમ
ઠરીને બનેછ અમુલ્ય જગ જીતનાર,
અનદીઠ બીનાસ બંધૈ ખીલેછે અવતાર.
ને નીસ્તી ને હસ્તીનો દીએછે બહાર,
આજના હકીરને કરેછ કાલ સર્દાર.
નાઉમેદવારને નવાજેછ નાચાહીજ ઉમેદ,
ઉમેદવાર મરેછ મારી ફાંફાં પુર ખેદ.
જીંદગી સારી પરેજગારી કસનાર,
આખર મોત લતીજે પામેછે કરાર.
અજાએબ ભેદ ગંભીરમાં છે ગીર્ફતાર,
ખોહી ખુવાર થયલો રૂસ્તમ સાંજ સવાર.



મુનાજાત—૧૧.

નથી ચમન કે ત્યાં બેસી [illegible] હું,
આ દીલના આતશી દર્દ કરૂં રજુ.
પરેશાન આ જાનનો ખોલું પોકો,
કુરબાન જુવાનનો ગજાવું ટોટો.
ફીદા આ ચશમનો કરૂં નૂર શેહેલો,
ગમ[illegible] તલખ લંબાવું પુકાર બ્હેલો.
[illegible] તલખ [illegible] [illegible] સ[illegible],
[illegible] તે પ્હોંચે તુંહી ગો આવીનાસ.
[illegible] છે [illegible] [illegible] પ્હાડ,
[illegible] પર [illegible] છે જીવ કંડ.
બુલંદ તે ઉઠાવમાં જીંદગીને ભાવ,
[illegible] લાવેછે હાં નીભાવ.
[illegible] રોપેછ શેહેલ,
બાહુદતને [illegible], ઉત્તન આશ મ્હેલ.
ખીલવ માટે મોણતથી હું માનવ,
કે એકાંતે એખીલો તાપ યા દવ

દરમ્યાન તારાં નેક જપૂ તે કલામ,
ન્યાશમાં જાવું ગરક બસ બેફામ.
શીપાશમાં પામૂ પછી પદ તે આરામ,
જીગરના હોમનું પાપ જવાલા તમામ.
ને ખાલેશ ખાલેશીમાં ખીલૂં હૂં ખાસ.
મહજબની મોબતથી ના રેહું નીરાસ.
ફાનીના ફેલમાં ભુલું ના તું રબ,
ફાનીના મેલમાં ભુલું ના તું અદબ.
રવા વાત હક જાણી પીછાણું તું હક,
પીછાણી તું હક, કામ કરૂં બરહક.
ને આખરનો અફસોસ શેનું આધીન,
દાદ ને દુઆ લાયક ચાહું મુજ દીન
જરથુસ્તી અહુ જીદી અશો આસમાની,
ફરમાન મુજબ ચાલી થાવું ફરમાની.
ફરમાન મુજબ જીવું જાન જરથોસ્તી,
ફરમાન મુજબ દેહે કરૂં જીવની સોરતી.
ને હોશ્યારીમાં જીવું અમર હમેશગી,
શીરપરૂ રૂસ્તમ રહું કયામત લગી.



મુનાજાત—૧૨.

સમજ બસ સમજ બસ સમજ બસ સમજ,
હું પાપી ઉમેદવાર, હું મુલહીન રજ,
હું તોબા પુકારનારની કંઇપણ ઉમેદ,
એક છાંટી સમજ ઉલટયો સાગર એદ.

એક પળક સમજ ગુજરતો સારો ભવ,
સારી જીંદગી ગુમાવી ગોયા પુર ગર્વ.
સર પટકું છ તે પટકુંછુંજ આજ તલગ,
સલગી જોત જીંદગી છે સલગ સલગ.

સાસ સાસ તારા ઇસ્મ સાથ રાતદન,
નાઝ ભર્યા ચમનમાં પૂર તન મન
દાયકા ગુજરી ચાર થયો ઠોકર ખાતો,
વાંકો નમતો થયો, હતો તરો તાતો.

દનબદન વધૂ વૃદ્ધ, વધૂ ભીક્ષુત,
દનબદન વધૂ હીન ને વધૂ હરઘૂત

થતાં થતાં હાલ તો હું એવો બેહાલ,
ઉડતી ડુબતી રજ મુથી જાદા ખુશાલ.
રજ હું ને રજ થયો તેનો નહી ગમ,
પણ કાયલ કરતો સંસાર પુર ભરમ
લુટેછ હવે મારી બીલકુલ બંદ મુઠી,
લેવાદેવા હીસાબો ખોલી દે ખુટી
અજાએબ ચીંતામાં કરેછ તંગ ચીકાર,
દીરગ નથી રહ્યો, હું ટોંચ પ્હોંચનાર.
હું આફતના મસ પ્રવત સીખરે ખરો,
તોફાન ને ગગરાટનો અવાજ ખોખરો
એવોતો હાડ ધ્રૂજાવતો લાગેછ તીનો,
બરદાસ ન કરી શકે તે ધ્રુજારા જીનો.
જ્યાં ના રહે ઉભા મસ દેવ પલીતો,
પળક ના નીભે જ્યાં મસ અફરીતો.
પળક ના ઠોબે જ્યાં હૂર ગોલમાં,
ત્યાં રૂસ્તમ ખડો છે હોનારત સ્હેલમાં.



મુનાજાત—૧૩.

કંગાલ્યતના ટીલાંને તું ભુસી નાખ,
આ બારીક વખ્તમાં મારી ખુસી રાખ.

નેસ્યતના નીશાનને તું નાબુદ કર,
[illegible] તું [illegible] ધર.

તોબા પુકારો રાખ હવે મંજુર,
ઝેરના પ્યાલાંને બનાવ તું અંગુર.

કંકિલુડી નજરાણા રાખ તું કબુલ,
કકલાટોના હીસાબો કરી લે વસુલ.

મારી પાસ નથી એક રેસ કો નેકી,
સદાબરી આ જીંદગી પાપોએ છેકી.

મારી પાસ નથી એક રજ કોઇ વગ
આ બતંગીના મારાથી કરે અલગ.

મારી પાસ નથી એક કન કો કલા,
અટકાવી શકે આજ ઉલટતી બલા.

નથી કોઇ સુખનસત, નથી કોઇ કમબખ,
નથી કોઇ પાપી બદ, નથી કોઇ સાદક.
ખુદે તો ખુદા લીધી હુશ મુજ [illegible]
ગુંદી ક્રાણી બની ત્યાં ગુંદ [illegible]
ના જાણી આફતની અંદેસા બાર,
[illegible] આપેલા મને મેં [illegible]
[illegible] આવ્યું પાક્ષુર,
દુબાળીઓ મને સાડયું એક તંદુર.
જે સદા આતશ ને ગરમીથી ટકેળ,
પાસ આવનાર જલાવી દે તે પકેળ.
ના પરખો પર કે ચોતીઓ ને હલાલ,
સંધી વેલા સંઆ સમાન ગણ્યા હાલ.
ન સમજયો કે ગુજરી આ રાહ ખુદે,
અજાણુમાં [illegible] આ દુનીઆની લહે.
અજાણુમાં મુજ કરતુકને શીખે અંજે,
અજાણુમાંજ વડીલોની વીતી મંજે.



મુનાજાત—૧૪.

જેહાન આશકાર કરનાર પરવરદેગાર,
હું બંદાને સાંભલ, સંભાલ હરવાર.
તારા સીવા મારો આધાર હતો કોણ?
તારા સીવા મારો દાદાર હતો કોણ?
શું તું કુમક પર હું નથી ઓસ્તવાર?
શું તું ઉમેદ પર હું નથી ઉમેદવાર?
ત્હારી કરામત પર હું હરદમ મગરૂર,
ત્હારા દાર ઉપર ના હતો મીનત પુર?
ગરદમાની રજ કરતાંબી હું એક રજ,
તું નુર કુલ નુર પર શું ના હતો શબજ?
તું હક સીવાય મેં પરેસ્તસ જાણી નથી,
તું હક નામ બનામ ન્યાસ, બલથી.
હરદમ યાદ લાવનાર જબાં એક ધ્યાણ,
બંદો ત્હારો છું હું નાચાર ને અજાણ.

મોટૈમાં મીશકીન,-જીંદગીમાં જબુન,
પાસ નથી જવમાં જવ પણ પાણી પુન.

હરદમનો હીનાયલો, ના હીનાયલા પાસ,
અકલનો કોતા, પાસ અકલમંદો ખાસ.

કુદરતમાં વસનારો, કુદરતથી ગાફેલ,
સારી જીંદગી ચુકો ગુમાવી ના હાંસેલ.

મેં તો ધાર્યુ઼ં ઘણું જાઊં સીધી રાહ,
મેં તો ધાર્યું ઘણું પાલું કુલ તોબા.

પણ ખાક મુરતીના ફેલો કુલ ફાની,
જાહીર જલકતી શીકલ રચી ગૈ હાની.

ને ચુની ગયી સેજમાં મોતી જીંદગાની,
ખાક નાપાક અવતાર રૂસ્તમ ઇરાની.



મુનાજાત—૧૫.

મ્હારો ગુનાહ બક્ષી મને આજ નવાજ,
સાલેસ ને શ્યાણો ને કર સરફરાજ.
સોરાતો ને સમજુ ને કદરસનાસ,
ત્હારા ડરમાં રીઝતો ને કરતો શીપાસ.
હરદમ તુંથી ડરતો ને બંદગીબાજ,
બરૈયી મોહલો ને બુરૈથી નારાજ.
ભલાઇનો હી[illegible]ત ને [illegible]નો પક્ષ
થ[illegible]ર [illegible]ઢું એનો કર મને [illegible] રક્ષ.
રૂપ [illegible]રૂં [illegible] તેજે કર તલું,
જીગર મ્હારૂં પાકી રાહમાં કર ભલું.
ઉમેદ મ્હારી, મને આ જનમ બક્ષ,
ને બરપા કર મ્હારા [illegible]નો નક્ષ.
જે આપ્યું છે તેં તે કર રોજ [illegible],
બતી શલગી પુરજોર [illegible] રોશન.
તે તેજમાં નીભાવ, જાલવી મુજ લાજ,
મન મુરાદો બક્ષ ને ના કર હરાજ.

વંટોલ્યામાં આવ્યોછું, ખાઉંછ ચકર,
ભારી પુજી છતાં ખોવુંછું આ સફર.
ને કંગાલથી પણ વધું ઠરૂંછું કંગાલ,
માનવી દેહ બુલંદ છતાં, હું છું જવાલ.
નથી હું ચીંગારી, જો હું છું મશાલ,
નથી હું હરફ જો કે છું ખુબ હોસ્યાર,
ભરજવાન છતાં જૈફ્થી છું બદતર,
માહસંસારી છતાં જો કે છું દલદર.
પસ્તાવા વમલમાં પડયોછ દીન રાત,
નરમ નથી પડતો કોઇ પલ ગભરાટ.
ને વર્શેછે દમબદમ નવધાર આજાબ,
હજારો હાકેશા સામે છું હું જવાબ.
ને ત્હારી કુમક પર છું હું ઓસ્તવાર,
ઓસ્તવાર રેહું તેવો તું છે દાદાર.
ઓસ્તવાર રેહું તેવો તું છે રહીમ,
ઓસ્તવાર રાખ મને ઓ તું કરીમ.
હવે બખશ મને આ નવું એક શાલ,
થૌં ભરપુર મુજ ઉમેદમાં વીશાલ.
ને જીતું જીંદગી ને જીતું ભવીષ,
તો ખપુ નેક રાહ રસમનો દરવીષ.



મુનાજાત—૧૬.

તું શુધારે તો આ શુધરે સંસાર,
સંકટ ને શક્તીનો ટલે સૌ ભાર.
આફ્રત ને અંદેશાનું વટાવું વેરાન,
ભીતર ઠરેલ ગમનું તરાવું વહાણ
ધોઇ નાખું તે મસ વેરાનનું વીખ,
સફ્રર સફ્રલ કરી જીતું જશ બારીક.
ખીલેલી કંગાલ્યત બને બસ ખાક,
બીઆમણો કકલાટ છુટે દર્દનાક.
નાબુદ થાય નાતરશ અફ્રશોશ નવધાર,
ગાલેબ આવતા અટકે ગજબ નાશકાર.
બંદ પડે ગજાવતા પલેપલ વીલાપ,
શાંત થાય વીટાયલા હેજગારી સંતાપ.
દુર થાય થોડોવાર પણ દરદના દોર,
ખલાશ થાય દોસ્તોના તુફ્રાની શોર.
કરમાય ફુલ કાલી બેહાલી નવબહાર,
બુજાય અમર ધીકતો ધારતી અંગાર.

હેઠો પડે મુદતનો નાઉમેદી તોર,
ઝરપી જતી અટકે નીરાસી અઘોર.
રોશક નુર બને મસ કાલી અંધકાર,
સચવાય વીખરાયલી માયા નામદાર.
તોબાના પૂકારો સાંભલે ત્હારી રેમ,
તો રૂસ્તમની સચવાય શરમ ને નેમ.



મુનાજાત—૧૭.

તારા સીવાય નથી આ દીલ પર્ખનાર,
રગે રગ ઉછલતી ઉકલતી કનવાર.
એક માહ કેહેર થયોછ આ સંસાર,
તોબા માહસાગરે ડુબતો દુન્યાદાર.
તું ચાહે તો બચે, બાકી છે ડુબનાર,
નીશાન થાય નાબુદ, ઓલખ પામે હાર.
ઉમેદ થાય બરબાદ કીરતી થાય કાળ,
રૂસ્તમ જોય સુકાળમાં માહ દુકાળ.



મુનાજાત—૧૮.

નથી બનાવી હાથે મેં સુરત મુજ,
લખ્યા ત્હારા લેખની જીંદગી છું જ.
બદ હોય યા નેક, સંધી તુજ બક્ષેશ,
નથી મ્હારે હાથ મ્હારો કેરદાર રેશ.
હોં ખુબસુરત યા બદશીકલ બીસ્યાર,
તું સાહેબ સંધી રચના છે રચનાર.
માનવી ત્હારી રચી રચ્નાનો ગુલામ,
તાબેદારી, તકોબરી સર્વ તુજ કામ.
અવલ છાપ નશીબાથી છું તેવોજ છું,
નથી વધ્યો ઘટયો પરવરે બંદા હું.
જાણેછ તું, આખર ને હું ખુદરતવાલો,
હું શું? એક નાચીજ, તું ખલકતવાલો.
ચાલેછ તુંજ સાહેબી જગ ને ગગન,
અગણીત જગત ત્હારી છે કુલ સમજણ.
અનદીઠ જાણતો તું છે કુલ કુદરત,
પ્હોંચું બેરથી દેખાડે રાહ નીસબત.

કરે તું ગુમરાહ, બનું સદા ગુમરાહ,
પ્હોંચું મેરથી અગર દીખાડે તું રાહ.
ના કરે તું યારી જેહાન પાલનાર,
હું બંદો કેમ થૈ શકું ગુન્હા બાલનાર.?



મુનાજાત—૧૯.

શક્તો તું છે પણ નૈં કરતો શક્તી,
પાલી લેછ તું અશક્ત ચોખ્ખૂન ધર્તી.
મયાલૂ તૂં અસલીજ, કરેછે મયા,
તુજ મયા મદારેજ મલકો થયા.
તુજ મયા તલ બક્ષેસે બન્યો સાગર,
સૂરજ ને ચંદા ને પવન વાદલ.
મયા ત્હારી, ફુલે કુદરતનો શૃંગાર,
મયા ત્યારી, માહ ગગન પૂર શીતાર.
મયા ત્હારીથી કુલ માનવી પ્રકાશ,
ન હોય મયા ત્હારી તો, કુલેકુલ નાશ.



મુનાજાત—૨૦.

નેકીને તો જાણી મેં બસ બુરી બદ,
બદીને તો માણી મેં ગળાણી શબદ.
દીસી તેથી જગત સંધી મને શાદ,
જાણે આ દુન્યા કુલ રામસ્ની સવાદ
ભરેલ દેખાયો એક અછો માંડવો,
રોશની ને ખાનીપીની રંગ રાગવો.
ભુલ્યો તેથી હું જટ ભમાયો તરત,
ન જાણીતી પકડી બેઠો હું ઇલત.
ન જાણીતી મજોમાં દુબ્યો મુફત,
બજાવી ભવીપની લખાયલી સરજત.
હીન મારા કરતુકના ઢગલા ઉપર,
હીનો હું કંગાલ હસ્યોછ ભવ સુંદર.
તે સમજ, તે બુજ. તે ઉહાડ પરવર,
મારી દાદ લેઇ મને નવાજ અસલ.
મારી દાદ લેઇ મને સંધુ માફ કર,
આ વેલા આગલી ચસ્મ ચૈન ચકર
જરા જોઇ, જરા કર કસી તું મહેર,
કે રૂસ્તમ છે આજનો, દુખમાં ઝેર.



મુનાજાત—૨૧.

બંદગી છે ત્હારાં નામની બુલંદ,
હફ્ત કેસવરના એ અએ ખુદાવંદ.
પસ્તાવાથી ઝોંહાક બ્લેછ દમાવંદ,
ચેચસ્તર કેખુશરો બંદગીમાં બંદ.
તારાં નુર પાસ નુરો કુલે છે બંદ,
કુલ શેતારા ચંદ્ર સુર્ય છે મંદ.
આ ફરતો આકાસ તું નુરપાસ સીહા,
છે સીહા કુલ નુર ખુબસુરતી સરા.
હફ્ત અકલીમ છે તું નામપર ફીદા,
તું નામપર પતંગ ને જલેછ સમા.
તારા નામ પર પંખી પશુ ને માનવ,
નીભેછ નમસ્કારે પરી જીનો દેવ.
એક તારૂં નામ, આલમનો આધાર,
ૈા દાસ ભીખારી, તું પાલનહાર.
ં પાલનહાર મીનુ—પટાલનો,
ાનદીક વસ્તા બુંદ હવા, પ્રાણનો.

એક તું એક તું, બાકી નૈ કોઇ તું,
છે ફાની મોટી મુર્ત બીજી શોબસબુ.
એક તુ સાર આ જીંદગી જેહાનનો,
ન તું સીવા કો આ ખળક રેઠાનનો.
તું [illegible] સાહેબ મલેક ને માનવીનો,
પણ ત્હારા લેખની છે દાસ ત્યમ બંદો.
તું બોલે તે જીબ છે પુર ભાયગ,
રૂસ્તમ તું બોલવા ઉમેદવાર જગ.
તું તું તું સો ભવ સાર્થક તું,
તું કુલે બંદા જીવ નુર મઠક તું.
તું બોલ સારો ભવ, તું દાદગર,
તું ઉપર જાન છે રૂસ્તમ અદ્દર.
કોટી કોટી પૃથ્વી કરતાં કીંમતી તું,
તું કુલ ખલકતો ખલકતનો પતી તું.
તું ઉપર સર પટકેછ પાપી રૂસ્તમ,
પળક જીંદગી છે તું આધાર રૂસ્તમ.